નવગુજરાત સમય , પાના નંબર :- ૦૭

તારીખ :- ૩૦/૦૩/૨૦૨૫

# સુરતમાં ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે 8.5 કિમીના રૂટ પર મેટ્રોનો ટ્રાયલ રન લેવાયો

## 500 કલાકનું ટેસ્ટિંગ અને RDSO-CMRSની મંજૂરી બાદ મેટ્રો શરૂ થઈ શકશે

**નવગુજરાત સમય > સુરત**



ખૂબ લાંબા સમયથી ચાલી રહેલા સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટમાં એક સીમાચિહ્નરૂપ સફળતા મળી છે. સુરત મેટ્રોના ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચેના 8.5 કિલોમીટર લાંબા રૂટ પર વાયડક્ટ અને ટ્રેકનું કામ પૂર્ણ થતાની સાથે જ આજથી આ ટ્રેક પર મેટ્રો ટ્રેનનું વિધિવત ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યું છે. સમયથી થોડો મોડો પરંતુ સુરતના મેટ્રો પ્રોજેક્ટમાં પહેલો આ મહત્ત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે.

મેટ્રો રૂટની વિશેષતા એ છે કે તેમાં રેલવે ટ્રેક બિછાવવાની કામગીરીની સાથે ટ્રેક્શન પાવર માટે અત્યાધુનિક 'થર્ડ રેલ' (Third Rail) ટેક્નોલોજીનું કામ પણ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું છે. મેટ્રોની સુરક્ષા અને કાર્યક્ષમતાને ચકાસવા માટે આગામી દિવસોમાં આશરે 500 કલાક જેટલું ટ્રેન રનિંગ (ટ્રાયલ) કરાશે. આ પ્રક્રિયા બાદ RDSO (રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન) અને CMRS (કમિશનર ઓફ મેટ્રો રેલ્વે સેફ્ટી) જેવી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા ટેકનિકલ પાસાઓ, સિગ્નલિંગ અને મુસાફરોની સુરક્ષા અંગે ઝીણવટભરી તપાસ અને વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરાશે. આ તમામ કાયદેસરની મંજૂરીઓ મળ્યા બાદ મેટ્રો સેવાઓ સામાન્ય જનતા માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ પ્રોજેક્ટના પ્રોગ્રેસની વાત કરીએ તો, ડ્રીમ સિટી અને અલથાણ વચ્ચે આવતા કુલ સાત સ્ટેશન બિલ્ડિંગના સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયા છે. સુરત મેટ્રો શરૂ થવાથી શહેરની ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે અને સુરતીઓને પ્રદૂષણમુક્ત, ઝડપી તેમજ સુરક્ષિત પરિવહનનો નવો વિકલ્પ મળશે.